સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો
જાહેર કરેલ જ્ઞાતિઓ / પેટા જ્ઞાતિઓની સ્પષ્ટતા
તેમજ જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ-૧૯૯૫-ગુમ.૭૦- /અ.
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૩-૧૨-૧૯૯૫

વંચાણમાં લીધા :

૧. સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫-૭-૯૪ નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૯૯૪-૧૪૧૧-અ.

૨. સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૬-૮-૯૪ નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૯૯૪-૧૬૦૯-અ.

ઠરાવ :-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જ્ઞાતિઓ / પેટા જ્ઞાતિઓની સ્પષ્ટતા તેમજ જાતિ પ્રમાણપત્ર આપવા સંબંધમાં ઉપરોક્ત ક્રમ (૨) પરના વંચાણે લીધેલા સમાજ કલ્યાણ વિભાગના તા.૨૬-૮-૯૪ ના ઠરાવથી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જેમાં 'કુંભાર' જ્ઞાતિ સંબંધમાં નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

૧૧.ક.૯૯- કુંભાર (ઘંબચાર, વરિયા)

સૌરાષ્ટ્ર તેમજ વિવિધ પ્રદેશોમાં, આ જ્ઞાતિ વિવિધ અટકો ધરાવે છે. જેથી જેમાં 'કુંભાર' અથવા પ્રજાપતિ' શબ્દનો નિર્દેશ થતો હોય તેવી 'સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપતિને આ જ્ઞાતિના ગણીને અન્ય આધાર પુરાવા આધારે જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

આ સ્પષ્ટતા ઉપરાંત હવે વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, શાળાછોડયાના પ્રમાણપત્રમાં " ગુર્જર ક્ષત્રિય કડિયા, કડિયા કુંભાર, ક્ષત્રિય કડિયા, કડિયા એમ પેટા જ્ઞાતિ દર્શાવેલ હોય તો તેઓને મૂળ " કુંભાર " જ્ઞાતિના હોવા અંગેના અન્ય આધાર પુરાવાઓ મેળવીને "કુંભાર" તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

આ સ્પષ્ટતાથી કોઈ નવી જ્ઞાતિ ઉમેરવામાં આવતી નથી. આ સૂચનાઓ સંબંધિત તમામ અધિકારીઓના ધ્યાને લાવવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/
( આર. વી. સથાર )
સેક્શન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ, નિયામકશ્રી વિકસતિજાતિ કલ્યાણ ખાતુ

પત્રાંક: વિકાસ/જન/૯૬/૧૨૮૫
નિયામક વિકસતિજાતિ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર તા.૧૨-૧-૯૬

પ્રતિ,
જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી
જિલ્લો:
તરફ જાણ વ જરૂરી કાર્યવાહી થવા માટે.

નાયબ નિયામક
વિકસતિજાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા.
ગાંધીનગર